સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬

૪૨૫.અંદાજ સમિતિની બેઠક:–

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૪/૦૮/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી.

અંદાજ સમિતિની આ બેઠકમાં સમિતિએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૬ના રોજ આ સચિવાલયને મળેલ મૂળ સાહિત્યની તા.૨૧/૦૭/૨૦૨૬ ની બેઠકમાં અધૂરી રાખેલ તપાસ આગળ હાથ ધરી હતી. ઉક્ત તપાસમાં સમિતિએ વિભાગ તેમજ તાબા હેઠળની કચેરીઓની કામગીરીઓનું મૂલ્યાંકન, મહેકમ, આઉટસોર્સિંગથી સ્ટાફની ભરતી, આદર્શ નિવાસી શાળાઓ, આશ્રમ શાળાઓ, સરકારી તેમજ ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો, પીએમ યશસ્વી શિષ્યવૃત્તિ યોજના, મફત તબીબી સહાય યોજના, પીએચડી અને એમ.ફીલના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના, સ્વૈચ્છિક સંસ્થાઓને નાલંદા એવોર્ડ, રવિશંકર મહારાજ એવોર્ડ, દિવ્યાંગ વ્યક્તિઓને સંત સુરદાસ અને મોટરાઇઝ્ડ ટ્રાઇસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવાની યોજના, દિવ્યાંગ સ્વરોજગાર સહાય યોજના, દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ માટેની યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના તેમજ વિવિધ યોજનાઓ હેઠળ બાકી રહેલ કામો, હાંસલ કરેલ લક્ષ્યાંકો તેમજ ભૌતિક સિદ્ધિઓ, અંદાજો, ફાળવવામાં આવેલ બજેટ તેમજ તે અન્વયે થયેલ ખર્ચ તથા બજેટ જોગવાઇ કરતા ઓછો ખર્ચ થવા માટેના કારણો વગેરે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિવિધ મુદ્દાઓ ઉપર ભલામણો સાથે સમિતિએ માંગેલ વધારાની માહિતી સમયસર સમિતિને મોકલી આપવાની સૂચના સાથે સમિતિએ વિભાગની તપાસ પૂર્ણ કરેલ હતી.

સમિતિની બેઠક બપોરના ૦૨–૧૭ કલાકે પૂરી થઇ હતી.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ચેતન પંડ્યા
સચિવ,
ગુજરાત વિધાનસભા.